ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા:૯/૬/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,

ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત 'સન્ડે સાયન્સ સ્કુલ'માં જોડાવવા અંગે

વિધાર્થીઓ રવિવારે પણ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વૈજ્ઞાનિક વાતાવરણમાં રહીને વૈજ્ઞાનિક અભિગમ કેળવે તેવા હેતુને ઘ્યાનમાં લઈને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા **'સન્ડે સાયન્સ સ્કુલ'**નું આયોજન દર વર્ષે કરવામાં આવે છે.

'સન્ડે સાયન્સ સ્કુલ'માં વિધાર્થીઓ દર રવિવારે તેઓના અભ્યાસક્રમમ આવતાં વિજ્ઞાનના પ્રયોગોની સૈધ્ધાંતિક સમજ, **SCIENCE EXPERIMENT CONTEST, SCIENTIFIC GAME, SCIENTIST BIRTHDAY CELEBRATION,** ગણિતના મોડેલ્સ બનાવવા, ક્રિએટીવ ક્રાફટ, તેમજ તેઓને સ્પર્ધાત્મક માહોલ મળી રહે તે માટે **SCIENCE QUIZE** જેવી પ્રવૃતિઓ ઉપરાંત પોતે જાતે કરીને વિજ્ઞાન–ગણિતને વધારે સરળતાથી સમજી શકે તેવી રીતે પ્રયોગોની પ્રાયોગિક ધોરણે સમજૂતિ આપવામાં આવશે..

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા પ્રયોગો માટે જરૂરી સાધન સામગ્રી આપવામાં આવશે. નવા સત્ર દરમ્યાન **ધોરણ ૫ થી ૯ ના વિધાર્થી ભાઈઓ– બહેનો** આ સન્ડે સાયન્સ સ્કુલમાં જોડાય શકે છે. **'સન્ડે સાયન્સ સ્કુલ'** માં જોડાવા ઈચ્છતા વિધાર્થીઓ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪–એ, પંજાબ નેશનલ બેંક વાળી શેરી, સંસ્કાર મંડળ પાસે, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન. ૨૫૭૦૧૧૧/૧૧૦ પર સવારના ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન સંપર્ક કરી સમયસર પોતાનું રજીસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થાના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે. સન્ડે સાયન્સ સ્કુલમાં જોડાવા માટેનું ફોર્મ લોક વિજ્ઞાન કેન્દ્ર, ની વેબસાઈટ **www.krcscbhavnagar.org** પરથી પણ ડાઉનલોડ કરીને ભરી શકાશે.

પ્રી.પ્રી. ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.